# જામનગર મહાનગરપાલિકા

## આરોગ્ય શાખા –મહાનગરપાલિકા ખાતે
## તદન હંગામી ધોરણે કરાર આધીન જગ્યાઓ ભરવા અંગે.

જામનગર મહાનગરપાલિકા આરોગ્ય શાખા હસ્તક ૧૫ મા નાણાપંચ હેઠળ તદન હંગામી ધોરણે મેડીકલ ઓફીસર (MBBS), સ્ટાફનર્સ તથા એમ.પી.એચ.ડબલ્યુ.(પુ) ૧૧ માસ માટે કરાર આધારીત ભરતી કરવાની થાય છે. આ જગ્યાઓ માટેની જરૂરી વિગતો જામનગર મહાનગર પાલિકાની વેબસાઈટ www.mcjamnagar.com પર પ્રદર્શિત કરેલ છે. અગાઉ આ માટે કરવામાં આવેલ પ્રક્રિયા ટેકનીકલ કારણો સર રદ કરવામાં આવેલ હોઈ અગાઉ અરજી કરેલ ઉમેદવારોએ પણ પુનઃ અરજી કરવાની રહેશે. ઈચ્છુક ઉમેદવારોએ તા.૨૭/૦૪/૨૦૨૩ થી તા.૧૧/૦૫/૨૦૨૩ સુધીમાં વેબ સાઈટ પર દર્શાવેલ પધ્ધતિથી અરજી કરવા જણાવવામાં આવે છે.

ડે.કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા
25/4/23

# જામનગર મહાનગરપાલિકા

## આરોગ્ય શાખા

## <u>કરાર આધારીત ભરતી – જાહેરાતની અગત્યની બાબતો</u>

જામનગર મહાનગરપાલિકામાં આરોગ્ય શાખા હસ્તક ૧૫ મા નાણાપંચ હેઠળ તદ્દન હંગામી ધોરણે મેડીકલ ઓફીસર (MBBS), સ્ટાફનર્સ તથા એમ.પી.એચ.ડબલ્યુ.(પુ) ૧૧ માસ માટે કરાર આધારીત માસિક ફિકસ વળતરથી ભરવા માટે અરજીઓ સામેલ ઓનલાઈન લીંકમાં તા.૧૧/૦૫/૨૦૨૩ સુધીમાં કરવાની રહેશે.

| જગ્યાનું નામ | સંખ્યા | શૈક્ષણિક લાયકાત | માસીક ફિકસ વળતર રૂા. |
|---|---|---|---|
| મેડીકલ ઓફીસર | ૧૨ | MBBS તથા ગુજરાત મેડીકલ કાઉન્સીલનું રજીસ્ટ્રેશન | બેઝ પે ૭૦,૦૦૦/– પ્રતિ માસ |
| સ્ટાફ નર્સ | ૧૨ | બી.એસ.સી.(નર્સીગ) અથવા ડીપ્લોમાં ઈન જનરલ નર્સીગ એન્ડ  મીડવાઈફરી ઈન્ડીયન નર્સીગ કાઉન્સેલીગ ધ્વારા માન્ય સંસ્થામાંથી કરેલ હોવું જોઈએ ગુજરાત નર્સીગ કાઉન્સેલનું રજીસ્ટ્રેશન હોવું જોઈએ તેમજ ઉમેદવાર બેઝીક કોમ્પ્યુટર કોર્સનું સર્ટીફીકેટ ધરાવતા હોવા જોઈએ. વય મર્યાદા ૪૫ વર્ષ. | બેઝ પે ૧૩૦૦૦/– પ્રતિ માસ<br>બેઝ પે ના ૫% ઈન્ક્રીમેન્ટ આગામી કોન્ટ્રાકટમાં |
| એમ.પી.એચ.ડબલ્યુ. (મેલ) | ૧૨ | ધોરણ–૧૨ પાસ +એમ.પી.એચ.ડબલ્યુ. બેઝીક ટ્રેનીગ કોર્ષ ૧ વર્ષ અથવા સેનેટરી ઈન્સપેકટર કોર્સ સરકાર માન્ય સંસ્થામાંથી કરેલ હોવો જોઈએ બેઝીક કોમ્પ્યુટર કોર્સનું સર્ટીફીકેટ ધરાવતા હોવા જોઈએ. વય મર્યાદા ૪૫ વર્ષ. | બેઝ પે ૧૩૦૦૦/– પ્રતિ માસ |

## <u>અન્ય વિગતો</u>

ઓનલાઈન ફોર્મમાં અપલોડ કરવાના થતા ડોકયુમેન્ટસની યાદી :–

**મેડીકલ ઓફીસર(MBBS) માટે :–**

૧) સ્નાતક ડીગ્રીની ફાયનલ વર્ષની માર્કશીટ, ૨)ડીગ્રી સર્ટીફીકેટ, ૩) એટેમ્પ્ટ સર્ટીફીકેટસ, ૪) ઉમરનો પુરાવો, ૫) ગુજરાત મેડીકલ કાઉન્સિલનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ ૬) વિદેશથી તબીબી સ્નાતક હોવાના કિસ્સામાં MCI-FMG માર્કશીટ

મેડીકલ ઓફીસર (MBBS) માટે :– https://www.mcjamnagar.com/Information/Recruitment.aspx

**સ્ટાફ નર્સ માટે :–**

૧) સ્નાતક ડીગ્રી/નર્સીંગ ડીપ્લોમાની ફાયનલ વર્ષની માર્કશીટ, ૨) એટેમ્પ્ટ સર્ટીફીકેટસ, ૩) ઉમરનો પુરાવો, ૪) ગુજરાત નર્સીંગકાઉન્સિલનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ ૫) બેઝીકકોમ્પ્યુટર કોર્સનું સર્ટીફીકેટ

સ્ટાફ નર્સ માટે :– https://www.mcjamnagar.com/Information/Recruitment.aspx

**એમ.પી.એચ.ડબલ્યુ. માટે :–**

૧) એમ.પી.એચ.ડબલ્યુ. બેઝીક ટ્રેનીંગ કોર્સ / સેનેટરી ઈન્સપેકટર કોર્સની ફાઈનલ વર્ષની માર્કશીટ ૨)એટેમ્પ્ટ સર્ટીફીકેટસ ૩) ઉમરનો પુરાવો ૪)બેઝીકકોમ્પ્યુટર કોર્સનું સર્ટીફીકેટ

એમ.પી.એચ.ડબલ્યુ. માટે :– https://www.mcjamnagar.com/Information/Recruitment.aspx

**<u>અન્ય જરૂરી સૂચનાઓ :–</u>**

- ઉમેદવારની ફકત ઓનલાઈન લીંક પર મળેલ અરજી જ સ્વીકારવામાં આવશે. આર.પી.એ.ડી. સ્પીડ પોસ્ટ, કુરીયર કે સાદી ટપાલ ધ્વારા મળેલ અરજીઓ માન્ય રહેશે નહી.
- સુવાચ્ય ઓરીજનલ ડોકયુમેન્ટની ફોટોકોપી સોફટવેરમાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે. જરૂરી ડોકયુમેન્ટ અપલોડ કરેલ નહી હોય તેમની અરજી ના મંજુર કરવામાં આવશે.
- અધુરી વિગતોવાળી અરજીઓ અમાન્ય રહેશે.
- ઉમેદવાર એક કરતા વધુ અરજી કરી શકશે નહી.
- ઉકતજગ્યાઓ માટેનો કરાર આધારીત સમયગાળો ૧૧ માસ માટેનો રહેશે. જે મુદતમાં જરૂરીયાત તેમજ બજેટના આધારે વધારો કે ઘટાડો કરી શકાશે.
- જાહેરાતમાં દર્શાવેલ સમયગાળા દરમ્યાન આવેલ અરજીઓ જ માન્ય ગણવામાં આવશે તેમજ ઉપર દર્શાવેલ ડોકયુમેન્ટસ અપલોડ કરવાના રહેશે.

પસંદગીના ધોરણો :–

૧) મેડીકલ ઓફીસર (MBBS):–

- એમ.બી.બી.એસ.માં ફાઈનલ વર્ષમાં મેળવેલ કુલ ટકાવારીના આધારે તેમજ એક વધુ પ્રયત્ન ફાઈનલ વર્ષમાં હોય તો પ્રતિ પ્રયત્ન ૩% માઈનસ કરી મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે
- વિદેશથી મેડીકલ સ્નાતક થયેલ ઉમેદવારોના કિસ્સામાં વિદેશની તથા ભારતીય ગુણ પધ્ધતિમાં વિસંગતતા હોઈ સમાનતા જળવાય તે હેતુ થી MCI-FMG સ્ક્રીનીંગ ટેસ્ટમાં મેળવેલ ગુણને ધ્યાને લેવામાં આવશે.

૨)સ્ટાફ નર્સ :–

- સ્ટાફનર્સમાં ફાઈનલ વર્ષમાં મેળવેલ કુલ ટકાવારીના આધારે તેમજ એક થી વધુ પ્રયત્ન ફાઈનલ વર્ષમાં હોય તો પ્રતિ પ્રયત્ન ૩% માઈનસ કરી મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે.

૩) એમ.પી.એચ.ડબલ્યુ. :–

- એમ.પી.એચ.ડબલ્યુ.માં ફાઈનલ વર્ષમાં મેળવેલ કુલ ટકાવારીના આધારે તેમજ એક થી વધુ પ્રયત્ન ફાઈનલ વર્ષમાં હોય તો પ્રતિ પ્રયત્ન ૩% માઈનસ કરી મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે.

ઉકત જગ્યાઓ પર નિમણુંકનો સમયગાળો ૧૧ માસ માટે રહેશે. જે મુદતમાં જરૂરીયાતના આધારે વધારો કે ઘટાડો કરી શકાશે.

ડે.કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા